Barcode - 99999990870473
Title - Mulbandh No Achhodo Athava Hans Hansali Ni Varata.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 23
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 087047

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक [illegible] वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

# મુળબંધનો અછોડો

યાને

## હંસ હસલીની વારતા.

રચનાર:—

**પીર શમ્સુદીન મહમદ.**

આવૃતી પહેલી. નકલ ૫૦૦.


પ્રગટ કરનાર,

**મુખી લાલજીભાઈ દેવરાજ.**

ધી ખોજા સીંધી છાપખાનું,

૧૧૩, પાલખી મહોલા મુંબઈ નં૦ ૯.

છાપનાર,

મેનેજર, વલીભાઇ નાનજી હુદ્દા.

ધી ખોજા સીંધી છાપખાનું-૧૧૩ પાલખી મહોલા.

મુંબઈ નં૦ ૯.

સંવત ૧૯૭૭. સને ૧૯૨૧.

# મુળબંધનો અછોડો

યાને

## હંસ હસલીની વારતા.

---

રચનાર:—

## હજરત પીર સમશ.

---

સતગુર ઈમામ કેવળાશી જાંણુ, નરનંદ ગોકુળ ગોવીંદ વખાણ ૧
સુનકાળમાંહે છે નામ, તે બાળક વીમરસ લખ્યું પ્રમાણ ૨
ગુર સમશે કર્યો છે વીચાર, તે બાળક વીમરસ લખ્યા નીરધાર ૩
ઈ ગુરનર ઈમામ કેવડાશી નર અલી જાંણુ, તે ગુર કેવળાશી સતગુર બ્રહમા પ્રમાણુ ૪
પેલા કરતા જુગમાં આવ્યા પ્રમાણુ, સુન કાળમાં ઈમામ કેવડાસી જાણુ ૫
કરતા જુગમાં સતગુર બ્રહમાજી નામ, તે ગુર કરશે જીવોના કામ ૬
સુન કાળથી રચ્યા કલપ ચાર, ત્યાં ભગત અનત કરોડી છે અવતાર ૭
હરીના ગુપત અવતારનો અંત ન પાર, તેની સાખ છે મુળબંધમાં સાર ૮
જ્યારે કલપમાં ગુરનર રચના કર્યાં, ત્યારે અનત દેવ હરીયે ત્યાં ઓધાર્યાં ૯
પછે કલપની ઘડયું રહ્યું છે ચાર, તે માંહે હરીયે ધર્યા છે અવતાર ૧૦
નરનંદ ગોવીંદ ગોકુળ વખાણુ, તે નરસીંગ રૂપ ધર્યાં છે નારાણ ૧૧
ગુર ઇમામ કેવડાશી અવતાર, તે ગુરનું નામ અમરતેજ સાર. ૧૨
તે નરસંગ રૂપે કીધાં છે કાજ, તારે ભગત ઓધરા રાજા પેલાજ. ૧૩
મુળબંધનો વીચાર લખ્યો છે જાંણુ, પાછલો કડવો લખ્યો છે પ્રમાંણુ ૧૪
ગુર સમશની વાચા સાંભલો મુનીવરો, રાજા પેલાજનાં વખાણ સાંભલો મુનીવરો ૧૫
જ્યારે કરતા જુગમાં રાજા પેલાજ અવતરા, તારે બ્રામણ દેવચંદને પુછયા. ૧૬
સાંભળો દેવચંદ અમારી વાત, કુંવર જનમ્યો છે આજ રાત. ૧૭
એના જનમની જનમોતરી કરો, કુંવર નામની ઓતાજ કરો. ૧૮

ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

મુળ નક્ષત્ર ને બુધવાર, તીથી આઠમને માગશર માસ સાર. ૧૯
સાંભલો હરણાકંસ હમારી વાત, તે કુંવરથી ઉપજશે તમને ઘાત. ૨૦
તારે રાણીને મોહોલમાંથી દીધી શીખ, તેની વારે આવ્યા શ્રી જગદીશ. ૨૧
તારે રાણીને આલ્યો વનવાશ, તારે શ્રી નારાયણ આવ્યા રાણીને પાસ. ૨૨
તારે નરશંગ આવ્યા શ્રી હરી, ભગત કારણ રહયા પ્રપંચ કરી. ૨૩
તે વનનું નામ કજલીવંન કેવાય, માતા કેશરને મેલ્યાં ત્યાંય. ૨૪
જ્યારે રાત પડી થઈ અંધકાર, ત્યાં વાંનર રીંછ કરે હોહોકાર. ૨૫
તારે માગશરમાસ શુદ અગ્યારસ, તારે માતા કેશરને દિધો વનવાસ, ૨૬
પેલાજનો જનમ થયો વંન મોઝાર, તારે હરીયે ધરો શુંયાણીનો અવતાર. ૨૭
તે આવી બેઠા માતા કેશરને પાસ, બાઈ કહે આ વંનમાં કોણ છે દાસ. ૨૮
તારે શ્રી નરસીંગ બોલ્યા તેણી વાર, બાઈ હું છું શુયાણીનો અવતાર. ૨૯
અરે બાઇ મારૂ અજબ શુયાંણિ છે નામ, તારે બાઇ કેશર બઉ થયાં રળીયાત. ૩૦
તારે મુળ નક્ષત્રને આઠમ બુધવાર, હરિયે નાળ વધેર્યાં આપણે હાથે સાર. ૩૧
તારે રાણીની સેવા કીધી અપણે હાથો હાથ, ત્યાં નરસંગ રહયા છે ખટ રાત. ૩૨
આસોપાલવનાં ઝાડમાં હીંચોળા જ્યાં, કામધેન દુધ પાય છે ત્યાં. ૩૩
ગાય ગોવાળીયા આવ્યા રાજાને પાસ, રાયજી એક બાલક રમે છે વનવાસ. ૩૪
કુંવર બહુ રળીયામણો દીસે છે આહે, એ રાજા તમે બાલકને રાખો ઘરમાંહે. ૩૫
જ્યારે રાજાએ વાત સાંભલી આય, ત્યારે રાજા ચડયો શીકારે જાય. ૩૬
ત્યાં રૂમી હબસી મળ્યા છે ઘણા, નાઠા હસ્તી ઘોડા રાજા તણા. ૩૭
તારે પુછે રાજા બ્રાહ્મણને આ શું થાય, હસ્તી ઘોડા નાઠા નગર સામા જાય. ૩૮
એ રાજા તમે છુટી જાવ વન માંહે, ત્યાં અસ્તુતી કરીને આધીન થાયે. ૩૯
તારે રાજા છુટી ચાલી ગયા, એક રાત ત્યાં વન માંહે રહયા. ૪૦
ત્યાં ઘણી સ્તુતી કરી લાવ્યા છે બાળ, પછે રાજા આવ્યા છે નગર મીંઝાર. ૪૧
કાશ્મીર મધે છે એનું રાજ, ખીર સાગર મધે હરણાકંસનું રાજ. ૪૨
જ્યારે પંડીતને પુછયો વિચાર, કુંવર નામની કરો સંભાર. ૪૩
જોશીએ જોશ જોયો તેણી વાર, બ્રાહ્મણ બોલ્યા કરી વિચાર. ૪૪
એ રાજા એનું નામ લઇ રાખો પેલાજ, પણ આ કુંવરથી વણશસે તમારાં કાજ. ૪૫
એ કુંવરને મેલો અણુમાનીતીને સાથ, એ કુંવરની એવી છે વાત. ૪૬
જોશીએ પંડીતને કહયું ઘણું, ખાવ ખરચો રાજા તણું. ૪[illegible]

જગો જોશી તેનું નામ, તે મુલતાન માહે વસે છે ઠામ. ૪૮
જ્યારે વરસ પાંચના પેલાજ થયા, તારે પાટી લઇને ભણવા ગયા. ૪૯
ત્યાં નીશાળીયા બહુ અપાર, ત્યાં કુંવર પેલાજ આવ્યા તત્કાળ. ૫૦
ત્યાં સરવે ભણે હરણાકંસનું નામ, ત્યાં કુંવર ભણે નરસંગ નારાયણ. ૫૧
નરસંગ વિના ન જાણે દુજી વાણ, મુખે ઓચરે શ્રી નરસંગ નારાયણ. ૫૨
તારે બ્રાહમણને થઇ છે અચરત વાત, મનમાં જાણે એ કુંવર મોટી છે ઘાત. ૫૩
તારે પંડીત ભણાવે હરણાકંસ કરી, કુંવર લખે શ્રી નરસંગ હરી. ૫૪
સરવે લખ્યું છે નરસંગનું નામ, અવર બીજો નવ જાણે કામ. ૫૫
તારે સરવે નીશાળીયાને દેવે માર, શ્રી નરસંગનું નામ લખાવે તત્કાળ. ૫૬
તારે કુંવર કરે એવાં કામ, પંડીત આવ્યો તો ફર્યો છે ઠામ. ૫૭
તારે પંડીત જાણ્યું એ કુંવર મોટો કાળ, મારી સઘલી વણશાણી નીશાળ. ૫૮
તારે લખે છે શ્રી નરસંગનું નામ, હરણાકંસનું મેલ્યું ઠામ. ૫૯
તારે પંડીતે દીધી છે ઘણી માર, હરે કુંવર તું ભુલો કેમ નીરધાર. ૬૦
તારા બાપનો જે દુશ્મન કહેવાય, તેનું નામ લખ્યું કેમ જાય. ૬૧
તારે કુંવરે પાટી મારી પંડીતના માથા માંહે, હાંરે ખોટા પંડીત હરીને
દુશ્મન કેમ કહેવાય. ૬૨
જેણે સરજ્યાં ધરતી આકાશ, પવન પાણી કર્યાં પ્રકાશ. ૬૩
જેણે સંરજ્યા જીવ ને જંત, હરીના ચરીત્રનો નહિ કોઇ અંત. ૬૪
હરીના નામ લીધે થાય પાવન અંગ, તેને દુશ્મન કેમ કહો છો અંધ ૬૫
તેનું ફુટયું માથું વહે છે લોહિની ધાર, ત્યાં વિપ્ર મલ્યા છે અપાર. ૬૬
ત્યારે સરવે બ્રાહમણ ગયા રાજદુવાર, ત્યાં જઇ બહુ કરે પોકાર. ૬૭
હાંરે રાજા તારે કુંવરે બ્રાહમણ હત્યા કરી, પાટી લઈ બ્રાહમણના
માથામાં ધરી. ૬૮
તેનું ફુટયું માથું લોહિ જર જરે, હવે કહો રાજા પંડીત કુંવરને શું કરે. ૬૯
તારે દુશ્મનને બોલે હરિ કરી, પચાસ પાટી લખી છે ખરી. ૭૦
પચાસ પાટી લખી છે આહે, તે માંહે શ્રી નરસંગ લખ્યો જાહે. ૭૧
પંડીત કહે તું મેલી દે એનું નામ, એ લખ્યા માંહે તારૂં શું છે કામ. ૭૨
તારે પાટી લઇને મારી માથા માંહે, હવે પંડીત કેમ કરે હો રાય. ૭૩
તારે હરણાકંસને ચડી છે રીસ, તારે તેડવા મોકલ્યા જણ દશ વીસ. ૭૪

કુંવરને તેડી લાવો મારી પાસ, અમે પુછીએ એને સરવે વાત. ૭૫
કુંવરને તેડી લાવો તમારી સાથ, કહો તમને તેડાવે છે તમારો તાત. ૭૬
તારે કુંવર પાટી લઈને ચાલ્યો છે જ્યાં, વીપ્ર વાણી બોલ્યા છે ત્યાં. ૭૭
તારે વીપ્ર કહે કુંવર કહ્યું હમારૂં કરો, પાટી તમારી ઇયાં ધરો. ૭૮
જેનું તમે લખ્યું છે નામ, તે તારા તાતનો દુશ્મન જાણ. ૭૯
તારે કુંવરને ચડી છે રિસ, તારે બ્રાહ્મણને પાટી મારી છે દશ વીસ. ૮૦
જે જાણી વાણી વેદની ભુલી જાય, તેને તો ગુર માર્યાની હત્યા થાય. ૮૧
તારે બ્રાહ્મણ કહે રાજા સાંભલસે વાત, તો કુંવર તમને કરશે મોટી ઘાત. ૮૨
જેને ઘરે ઉગમણ આથમણ રાજ, હસ્તી ઘોડા લાખો લાખ. ૮૩
એ રાજા હરણાકંસ છે મોટો દેવ, તેની કુંવર તું કેમ ન કરતો સેવ. ૮૪
કુંવર કહે એવા અનેક રાજા મરી જાય, તેનું રાજ કાલે ફનાં થાય. ૮૫
જેણે તમને સરજ્યા છે જાણ, તે નરસંગ રૂપે છે શ્રી નારાયણ. ૮૬
જે નરસંગ રૂપે છે નારાયણ, તે પ્રભુ વસે છે મારે પ્રાણ. ૮૭
રાજા દુષ્ટનું શું જોઇયે મુખ, કુંવર એવાં વચન બોલ્યા સુણ રૂખ. ૮૮
તારે બ્રાહ્મણ એવાં વચન બોલ્યા ઠામ, રાજાના કુંવર તું મેલ એનું નામ. ૮૯
પેલાજનું ચીત તો ફરી ગયું, તે ઘેલીયું વાતો કરી રહયો. ૯૦
તારે કુંવર આવ્યો રાજદ્વાર, આવીને ઉભો તેણીવાર. ૯૧
તારે હરણાકંસ જમ સરખો ઉઠો સહી, અને પેલાજ પાસે ઉભો જઇ. ૯૨
તારે રાજા કહે તમે લખ્યું છે શું, તમારી પાટી વાંચો તો સાંભલું હું. ૯૩
તારે કુંવરે પાટી લઈ દીધી રાજાને હાથ, બ્રાહ્મણે પાટી વાંચી પચાસ. ૯૪
તારે અક્ષરે અક્ષર નરસંગ કહે, તારે હરણાકંસ ચીત દઈ રહે. ૯૫
તારે હરણાકંસને ચડી છે રીશ, કુંવરને પાટી મારી દશ વીસ. ૯૬
હાંરે કુંવર તમે કરો છો એવાં કામ, આપણા દુશ્મનનું લખો છો નામ. ૯૭
એ કુંવર એ નામ મુકી દ નીરધાર, નહીતો હું દેવરાવીશ માર. ૯૮
તારે કુંવર કહે મેલીયે કેમ નરશીંગનું નામ, જેના હાથમાં સેસ્ટીનું કામ. ૯૯
તારે હરણાકંશ બોલ્યો છે આહે, આ કુંવરને ઝાલી મરાવો જાઈ. ૧૦૦
તારે લઇને ડુબાવ્યો પાણી માંહે, હવે કુંવરની વારે શ્રી નરસંગ થાય. ૧૦૧
તારે કુંવરને હુંશે ઝાલ્યા પાંખુમાંહે, ત્રણ દિવસ રાખ્યા પાંખુમાંહે. ૧૦૨
પછે માતા કેશર પાંસે મેલ્યો આહે, ત્યાં કુંવર નરસંગ નરસંગ ભાખે. ૧૦૩

ત્યારે કુંવર રમતો આવ્યો દ્વાર બાર, ત્યાં કુંવર નરસંગ નરસંગ કરે પુકાર. ૧૦૪
હરણાકંસ કહે તું મેલ નરસંગનું નામ, નહિકાં હું કરીશ તારૂં કામ. ૧૦૫
તારે કુંવર બોલ્યા તેણી વાર, એ રાજા તું શું કરીશ સાર. ૧૦૬
હવે તમારે કરવી હોય તે કરજો ઘાત, અમારે મુખે છે શ્રી નરસંગની વાત. ૧૦૭
ત્યારે પાડાની ખાલ મંગાવી હરણાકંસ રાય, તે માંહે કુંવરને મઢાવ્યો આહે. ૧૦૮
તારે લઇ મેલ્યો ડુંગર ઉપર આહે, હરણાકંશ કહે ભલે એની વારે નરસંગ થાય. ૧૦૯
તારે પાડાની ખાલ ફાટી થયો પ્રકાશ, ભમર ઢોલીયા આવ્યા તે પાસ. ૧૧૦
ત્યાં માતા કેશર આવીને જુએ, ભમર પલંગ ઉપર કુંવર સુવે. ૧૧૧
એ માતાજી તમને એવડી ચીંતા કેમ થાય, તમે મહોલમાં શુખે બેસો જાય. ૧૧૨
ઇ માતાજી શ્રી નરસંગ છે મારી પાસ, માતાજી સુખે જઇ વસો
પોતાને વાસ. ૧૧૩
વળતાં ત્રણ દહાડે પ્રગટ થાયે, તારે ચોકીવાળે ઝાલી લાવ્યા આય. ૧૧૪
તારે લઇ ગયા રાજાને પાસ, ત્યાં જંપે કુવર નરસંગનું નામ. ૧૧૫
ત્યાં હરણાકંશ નીસર્યો બાહાર, ત્યાં કુંવર કરે શ્રી નરસંગની પોકાર. ૧૧૬
હરણાકંશ કહે તું વચન મારૂં માન, નહીતો હું મરાવીસ તને એણે ઠામ. ૧૧૭
કુંવર કહે તમારે કરવું હોય તે કરજો જાઇ, અમારે મુખે નામ નરસંગનું સહી. ૧૧૮
રાજા તમારે કરવું હોય તે કરજો જાંણ, તમને તમારા ધરમની છે આણ. ૧૧૯
તારેં હરંણાકંશે લોઢાની ઘાણી મંગાવી આહે, તેમાં કુંવરને બેસાડયો જાય. ૧૨૦
તારે લાઠ લોઢાની ભાંગી છે આહે, તેના કટકા નવજ થાય. ૧૨૧
તારે લોઢાની લાઠ ભાંગી છે જ્યાં, હરણાકંશ કોપ્યો છે ત્યાં. ૧૨૨
તારે હરણાકંશ બોલ્યા જાઇ, હસ્તીને બહુ કેફ દીયો આઇ. ૧૨૩
કેફ પીવડાવી હસ્તી આણ્યો મોલમા જઇ, હવે કુંવરને મરાવું તઇ. ૧૨૪
તારે કુંવરને હસ્તી આગળ આણ્યો આપ, ત્યાં પેલાજ કરે નરસંગનો જાંપ. ૧૨૫
તે ગજધર કેશર હસ્તીનું નામ, તે કુંવરને આવી કરે પ્રણામ. ૧૨૬
જેના ઘટમાં વસે શ્રી નરસંગ રાય, તેને હસ્તી કેમ હેવે પાય ૧૨૭
ત્યાં ઇમાન લાવ્યા લોક બહુ, શ્રી નરસંગ દેવ સાચા કહે સઉ. ૧૨૮
ત્યારે હરણાકશે ખોદાવી મોટી ખાડ, તેમાં દટાવ્યો કુંવર પેલાજ. ૧૨૯
તારે હેઠે કરી હરીયે મોટી બજાર, ત્યાં રાજા પેલાજ કરે રંગ રૂપ અપાર. ૧૩૦
બળતાં ત્રણ દાડે ઉઠી મોટી શીખ, તારે નગરમાં લાગી મોટી બીક. ૧૩૧

તારે કુંવર જઈ ફુસો માતા કને, તારે લોક આવી સહુ કુંવરને નમે. ૧૩૨
તારે માતા કહે કુંવર કહ્યું અમારૂં કરો, વચન અમારૂ ચીતમાં ધરો. ૧૩૩
અંતર જપો શ્રી નરસંગ રાય, પ્રગટ કરો તાતમો મેમાય. ૧૩૪
એ કુંવર તમને દુખ થાઈ છે ઘણું, માટે વચન માનો અમજ તણું. ૧૩૫
તારે માતા કહે કુંવર એમજ કરો, ચાર દહાડા પંચ ઢીલડો ધરો. ૧૩૬
માતાજી ઈ વાતમાં ન સમજો મુળ, શ્રી નરસંગ બેઠા છે હમારે હજુર. ૧૩૭
તારે હરણાકંશને ખબર થઇ છે ખરી, તારે દઈત બોલ્યા વીમાસણ કરી. ૧૩૮
મારૂં નામ જો હરણાકંશ હોય, તો તુંને નજર આગળ બળાવું સોય. ૧૩૯
તારે દઇતે નગરનું ગોબર કરાવ્યું એક ઠાય, અગન ચોધાર દેવરાવી તે માંહિ. ૧૪૦
કુંવર સીંચાવ્યો તે માંહે, ત્યારે કુંવરને તરૂઠો શ્રી નરસંગ રાય. ૧૪૧
ત્યારે હરણાકંશ લગાડી મોટી જાળ, તારે નરસંગ હેમાજલ વરસાવ્યું નીરધાર. ૧૪૨
તારે હરણાકંશે સાદ ફેરાવ્યો નગર મીંજાર, સરવે ગોબર મેલો અગન મીંજાર. ૧૪૩
તારે માતા કેશર બહુ રૂદન કરે, ત્યા બ્રામણ મનશુધન આવ્યો ઘરે. ૧૪૪
તારે માતા કહે સુણો મહારાજા, એવી અગ્ની ઉઠી છે આજ. ૧૪૫
તે માંહે કુંવર રાજાયે સીચાવ્યો જાણ, યાકુળ વ્યાકુળ થાય છે મારો પ્રાણ. ૧૪૬
તારે બ્રાહમણ કહે તમે હોળી વધાવો સહી, તમે સમરણ કરો શ્રી નરસંગનું જઈ. ૧૪૭
તારે હરણાકંસ બોલ્યો પોકાર, એ રાણી ઈ કુંવર છે મારો કાળ. ૧૪૮
હાંરે હોળી માંહે વાયા છે ટાઢા વાહે, પેલ્લાજને વારે શ્રી નરસંગ થાય. ૧૪૯
તારે પ્રભાતે કુંવર આવ્યો રાજદુવાર, હવે હરણાકંસ તમે કરજો તમારો વિચાર. ૧૫૦
તારે હરણાકંશ કહે કુંવર તમે જે માગો આજ, તો તમારા સારૂ સઘળાં કાજ. ૧૫૧
તારે અનેક પાહેક આલુ સરવે સાર, હસ્તી ઘોડા ગૃથ ભંડાર. ૧૫૨
તારે કુંવર કહે તમે સાંભલો વાત, હવે તમારૂ રાજ આવ્યું અમારે હાથ. ૧૫૩
તારે હરણાકંશને કરોધજ થાય, તેણે લાકડું એક લોઢાનું મંગાવ્યું આય. ૧૫૪
તે ચોસઠ ગજ લાકડો લાંબો આય, તે ધરતી માંહે નખાવ્યો જાય. ૧૫૫
તે લાકડું ગજ બાર ભો મધે આપે, બાવન ગજ બાહેર રાખ્યું ત્યાંહે. ૧૫૬
તેને ચોધાર ગોબર ગામનું ફરતું કર્યું, તેને માથા શુધી છેડા માંહે ભર્યું. ૧૫૭
તેને ફરતી અગ્ની મેલી જાણ, તેની અગ્ની પોતી જોજન એક પ્રમાણ. ૧૫૮
તારે અંનત તપી લોઢાનો થયો ઉજાસ, તારે કુંવર પેલ્લાજને લાવ્યા પાસ. ૧૫૯
હરણાકંશ કહે બાંધો થંભ ધખધગતા માંહે, પછે નરસંગ એનીવારે થાય. ૧૬૦

તારે દઈત કહે લાવી અગની આંહે ધરો, એ થંભશું કુંવર દાઝી મરો. ૧૬૧
જેથારે થંભ સાથે બાંધ્યો કુંવર પેલાજ, તારે શ્રી નરસંગને કીધો સાદ. ૧૬૨
તારે કીડીની નાગર થંભ ઉપર ચડે, તારે પેલાજ નરસંગ સંભારી
બાથજ ભરે. ૧૬૩
તારે પેલાજ કહે સ્વામી આવો અમારે પાસ, હવે દઈતને મારી કરો નીરાશ. ૧૬૪
તારે થંભ ફાટી પ્રગટ્યા રાય નરસંગ, રૂપ દેખી લોક સરવે થયા ભંગ. ૧૬૫
તારે નાઠા લોક ગયા રાજદુવાર, નરસંગ નરસંગ કરે પુકાર. ૧૬૬
તારે હરી આવ્યા રાજદુવાર, રાજા પેલાજની કરે ઉગાર. ૧૬૭
તારે હરી કહે દઈત સાંભલ વાત, ભગત પેલાજશું બહુ કીધો વિખવાદ. ૧૬૮
હરણાકંસ કહે કહ્યું નવ કરતો લગાર, ત્યારે હું દેવરાવતો માર. ૧૬૯
તારે શ્રી નરસંગ બોલ્યા તેણી વાર, હવે હરણાકંસ હું તને મારીશ નીરધાર. ૧૭૦
તારે દઈત કહે સામી તમારો સંભારો કોલ, હું તો રાજ કરૂં છું મારે મોલ. ૧૭૧
સ્વામી તમે અવિચલ વાચા દીધી આહે, તે કેમ મારસો નરસંગ રાય. ૧૭૨
શ્રી શંકર ધીયાયા તેણે કોલ દીધો આહે, તારે હરી બેઠા મંડલી પાય. ૧૭૩
જ્યારે શ્રી સંજયા વેળા થઈ છે સાંજ, તારે હરીયે હાથ વધારયા છે વાજ. ૧૭૪
તારે શ્રી નરસંગ બોલ્યા છે વાણ, સાંભળો હરણાકંસ પાળ્યા કોલ જાણ. ૧૭૫
નઈ છે પુરૂશ નઈ છે નાર, નહી લોહ લકડ લીધો નખે વિદાર. ૧૭૬
જ્યારે શંકર ધ્યાવ્યા તેણે કોલ આલ્યો શહી, હરીયે જાલી લાવ્યા નેવા
હેઠે તહી. ૧૭૭
કહે હરણાકંશ દિવસ કે રાત? ધરતી કે કહો આકાશ? ૧૭૮
નખેશું ઓદર લીધો નેવા હેઠ, વાંકા નખ વાયા તેને પેટ. ૧૭૯
શ્રી નરસંગ બોલ્યા તેણિવાર, સાંભલો હરણાકંશ કોલ પાળ્યા સાર. ૧૮૦
દઈતને મારી બેઠા પેલાજને પાસ, ઈ કુંવર પેલાજ હવે તમે બેસો રાજ. ૧૮૧
તારે લોક રઈત કરે સલામ, સહુ જંપે શ્રી નરસંગનું નામ. ૧૮૨
ભગત પેલાજ ત્યાં કરે ધરમ આચાર, સરવે દેવ સભા મલે છે સાર. ૧૮૩
શ્રી નરસંગ કહે સાંભલો પેલાજ, તમે માંડવો રચાવો એણે કાજ. ૧૮૪
રાજા પેલાજ આલે વીપ્રને દાન, ત્યાં સહુ મલી કરે સલામ. ૧૮૫
તારે ભગત પેલાજ બોલ્યા છે પ્રમાણ, અમારે ગતમાં કાંકણ બંધાવવાં છે
જાણ. ૧૮૬

ત્યારે શ્રી નરસંગ બોલ્યા તેણે ઠામ, એ વાતમાં છે સતગુર બ્રહમાજીનું કામ. ૧૮૭
તારે સતગુર બ્રહમા વચન બોલ્યા સાર, ધરમ કરો તો ઉતરો પાર. ૧૮૮
અમે ગુર બહુમા શાહી આલ્યો છે કોલ, કાંકણમાં છે ભગતુના બોલ. ૧૮૯
તારે ભગત પેલાજ કરે વીચાર, સ્વામી ધરમ વર્તવું કેણિ પેરે સાર. ૧૯૦
ત્યારે ગુર બરહમાને આલ્યો વેદનો ગુંજ, તારે ભગતને આલી સતની સુજ. ૧૯૧
સતગુરે બતાવ્યો ભગતુને વેદ, તારે હરીયે આલ્યો છે અમર ભેદ. ૧૯૨
તારે ભગતને હરીએ બેસાડયો પાટ, અને રચ્યો ત્યાં મોટો ઠાઠ. ૧૯૩
ખટ માસે વરત કરજો સાર, સરવે ગત મલી કરે ધરમ વેવાર. ૧૯૪
રાજા પેલાજ કરે ધરમ આચાર, કીરીયા કરે તપ સાર. ૧૯૫
ભગત પેલાજ કરે ધરમ વધારવા કાજ, બંધાવ્યાં કાંકણ આપે પેલાજ. ૧૯૬
જે કોઈ આવે રાજા પેલાજને પાસ, કાંકણ બંધાવી કરે ગુરના દાસ. ૧૯૭
તારે ગુરનું ત્યાં સતગુર બ્રહમા નામ, તેનું થાનક છે ખીરસાગર ગામ. ૧૯૮
તારે ભકતિ કરે શ્રી નરસંગની આહે, પાય લાગે ભગત પેલાજને જાય. ૧૯૯
તારે ગુર મુખે સઉ આલે દાન, પર સ્ત્રી માત સમાન. ૨૦૦
સુતક પાતક ન લાગે એક રતી, ઘરમાં પુજા કરે પતીવંતી. ૨૦૧

## વરાણી.

સત સંતોકે આવે સહુ, અને પુજે ગુરનરના પાયરે,
ગતમાં આવીને કરગરે, અને સઉતો આધીન થાયરે. ૨૦૨
તે કરે ગુરનરશું ગોઠડી, અને સરવે મુખે ગીનાનરે,
સતો નામ સાહેબનાં, વળી આલે તે કુંજર દાનરે. ૨૦૩

તારે ગુજી પાટને દેતા દાન, સતવંતા સહુનું રાખે માન ૨૦૪
હરીયે કુંવર પેલાજને બેસાડયો રાજ, સરવે નગરના પુર્યાં કાજ. ૨૦૫
તારે ગતમાં જઇ નીતોનીત મલે, કોઈ કેની નીંદા નવ કરે. ૨૦૬
ત્યાં પંનર કરોડી જીવ નીમ્યા આયે, તેમાં ત્રણ મુખી મોટા થાય. ૨૦૭
સાંમદાસ ત્રીકમ ને કેશવ જાંણુ, હંસપુરી નગરી ત્યાં છે જાણુ. ૨૦૮
તેમાં ત્રીકમ મુખી કેવાય સરદાર, તે મનમાં ગુમાન કરે છે અપાર. ૨૦૯
તારે શ્રી નરસંગ આવ્યા દુવાર, કુંવર પેલાજ આવ્યા તેણે વાર. ૨૧૦
ગુરનર બેઠા હતા જ્યાં, પેલાજ આવ્યા છે ત્યાં. ૨૧૧

ગુરનર કહે રાજા પેલાજ થાવ તઇયાર, સાચા હશે તે ઉતરશે પાર. ૨૧૨
રાજાએ ચીંતમાં રાખી વાત, ગુરનર સહી ચાલ્યા પ્રભાત. ૨૧૩

### વરાણી.

તારે રાજા પેલાજ પારખી, ધરમનું મરમજ જાણ્યુ,
ગુરનર વાંણી બોલ્યા, તે થાશે સહી પ્રમાણ. ૨૧૪
તારે પેલાજે તપજપ માંડયો, અને આલ્યુ ગુરજીને માન,
પણ પુરા સતપંથી જે હશે, તે ભાવશે પુરૂ ઈમાન. ૨૧૫

તારે ધરમ નીમ કરે છે જેહ, સહુ ગત મલી છે તેહ. ૨૧૬
ત્યાં વ્રત પાલ્યું છે રાજા પેલાજ, ત્યાં ભગત રૂપ ધર્યું છે આજ. ૨૧૭
ત્યાં ગત સઘળીયું રહે આધીન, રાજા પેલાજ કીસે ન કરે મેખમીંન. ૨૧૮
હવે માન સરોવરનાં પંખી જેહ, હંસ હંસલી ગુરે મોકલાવ્યાં છે તેહ. ૨૧૯
તારે હંસ હંસલીને રાજા કહાવ્યા, પંખી તમે ક્યાં કેમ આવ્યા. ૨૨૦
તારે હંસ હંસલી કરે છે પોકાર, રાજા માન સરોવરમાં પડયો છે દુકાળ. ૨૨૧
અમે આવ્યાં રાજા તમારે દુવાર, તમે રાજા કરજો અમારી સંભાર. ૨૨૨
તારે રાજાએ આલ્યો મોતીનો આહાર, તમે જઈ વાસો કરો વાડી મીંજાર. ૨૨૩
તારે હંસ હંસલીએ કીધો બાગમાં વાસ, પરભાતે રાજા આવ્યા પંખીને પાસ. ૨૨૪
તેની ખીજમતમાં રાખ્યા જણ ચાર, તે કરાવે માણક મોતીનો આહાર. ૨૨૫
એમ કરતાં થયા છે ખટ માસ, તારે પેલાજ પાળી ધરમ થયા ગુરના દાસ. ૨૨૬
તારે હંસ હંસલી આવ્યા રાજદુવાર, હવે રજા આપો જાશું માનસરોવર
મીંજાર ૨૨૭
અમને રજા આપો ધરમી પેલાજ, ત્યાં ઘણિ સ્તુતી કરી પરભાત. ૨૨૮
ફરમાની ફીરસ્તો આવ્યો રાજાની પાસ, તેને રાજા ઉઠી કરે અરદાસ. ૨૨૯
એ રાજા હંસ હંસલીને દેજો ઘણું માન, સુખી ત્રણની કરજો સાન. ૨૩૦
તારે રાજા કરે છે પરખવાની વાત, હવે હંસ: હંસલી તમે રેજો દીન સાત. ૨૩૧

### વરાણી.

તારે રાજા પેલાજ એમ બોલ્યા, અને હંસ હંસલીને પાસ,
ખટ માસ તમે ક્યાં રહયા, અમારી ફુલવાડીમાં વાસ. ૨૩૨

તારે રાજા કહે રજા નહિ દઉં, હંસ હંસલીને આજ,
અમે એક પંખી ઈયાં રાખશું, તમ સાથે છે મારે કાજ. ૨૩૩

તારે રાજા કરે પરખવાની વાત, હંસ હંસલી તમે રેજો દિન સાત. ૨૩૪
તારે રાજાયે માણસ મોકલ્યાં ચોધાર, અમારે ન્યાય ચુકાવવો છે તમે આવો
સાર. ૨૩૫
જ્યારે થયા છે દિન સાત, ત્યારે માણુસ સરવે આવ્યા રાજાને પાસ. ૨૩૬
તારે હંસ હંસલી આવ્યાં સભા માંહે, અમને રજા આલો ભગત રાય. ૨૩૭
તારે રાજા બોલ્યા છે એવી વાણુ, હંસ હંસલી પરઠી છે જાણુ. ૨૩૮
તારે હંસ હંસલી બોલ્યા છે એમજ વાણુ, ભગત પેલાજ તેનું શું એધાણુ. ૨૩૯
તારે રાજા કહે અમારા મુખી ત્રણુ પ્રધાન, તે તમારો ન્યાય ચુકાવસે નીરવાણુ. ૨૪૦
તમ બેમા એક મુકી જાય, સભામાં બોલ્યા ભગત રાય. ૨૪૧
તારે હંસ હંસલી બોલ્યાં છે એમ, એ રાજા હમે એકલાં રેશું કેમ. ૨૪૨
તારે પંખી કહે હે રાજા જો કરશો વાદ, તો અમે બેઉ જણા મરશું એકજ
જાગ. ૨૪૩
તારે હંસ હંસલીને કરે રાજા રળીયાત, એ અમે કરશું હંસ હંસલી ન્યાયની વાત. ૨૪૪
તારે તેડાવ્યા રાયે મુખી સામદાસ, તે મુખી આવ્યા છે રાજાની પાસ. ૨૪૫
એ મુખી હંસ હંસલીની કરવી છે વાત, તેડાવો તમારો સઘળો સાથ. ૨૪૬
તારે સઘળી જમાત આવી રાજાને પાસ, સઉ ઉભા કરે સરદાસ. ૨૪૭
સામદાસ બોલ્યા રાજાને સાથ, એ પંખી વસે છે માન સરોવર વાસ. ૨૪૮
તારે રાજા કહે અમશુ પરઠી છે વાત, જે બેમાંથી એક રાખ. ૨૪૯
જેવો ન્યાય હોય તેવો ખરો કરો, રાજા કહે રખે અમથી ડરો. ૨૫૦
તારે સામદાસ પુછે પોતાની જમાત, રાજાના ન્યાયની કરવી છે વાત. ૨૫૧
સરવે ત્યાં બોલ્યા છે પંચાત, રાજા કહે તે સરવે સાચી વાત. ૨૫૨
તારે સામદાસ બોલ્યા છે સભા માંહે, હંસ હંસલી એક મેલી જાયે. ૨૫૩
તે પંખી માણેકચંદ છે હંસનું નામ, તે રાજાને ઉઠી કરે સલામ. ૨૫૪
તમે જો રાજા કરશો અન્યાની વાત, તો અમે બેઉ જણુ તમ આગળ
કરશું આપઘાત. ૨૫૫

વરાણી.

તારે રાજા પેલાજ એમ બોલ્યા, હંસ હંસલી સાંભલો મારી વાત,

અમે હક ન્યાય કરશું તમસું, તમે રખે કરો આપઘાત. ૨૫૬
અમારા ત્રણ મુખી છે નાતમાં, તેને પુછી જોશું વાત,
તમે સાંભલો પંખી માણેકચંદ, તમે રાખોની વિશવાસ. ૨૫૭
તારે રાજા પેલાજ બોલ્યા સત વાત, તમારા ન્યાયની વાત કરશું પ્રભાત. ૨૫૮
રાજાને કરવી પરખવાની વાત, સામદાસ મુખી નહિ અમારો સંગાત. ૨૫૯
તારે રાજાએ કહયું ત્રીકમ તમે આવી રહો, હંસ હસલીનો ન્યાય તમે કરો. ૨૬૦
તારે મુખી ત્રીકમ આવ્યો રાજાને પાસ, હાથ જોડીને કરે અરદાસ. ૨૬૧
તારે રાજાના પ્રધાન બોલ્યા સહી, હંસ હસલીની વાત મુખીશું કહી. ૨૬૨
એ મુખી એનો ન્યાય તમે કરી દયો, રાજા કહે રખે અમથી બીયો. ૨૬૩
તારે ત્રીકમ તેડાવી પોતાની જમાત, હંસ હસલીની કરવિ છે વાત. ૨૬૪
એ ભાઇ તમને કોઇ વાતની ખબર હોય ખરી, તો આપણે સાખ પુરીયે
સભા ભરી. ૨૬૫
સઉ બોલ્યા રાજા ચીંતમાં રાખે વાત, હવે આપણે કેમ બોલીયે સાચ. ૨૬૬
એ રાજાજી અમને કશી વાતની ખબર નથી, પણ તમે કહો છો તે સાચી કથી. ૨૬૭
એ હંસ હંસલી જુદાં હશે, જે માન સરોવરમાં વાસો વસે. ૨૬૮
તારે હંસ હંસલી બોલ્યા રાજાને પાસ, અમે તો વસીયે માન સરોવર વાસ. ૨૬૯
એ રાજા અમારો ન્યાય તમે કેમ કરો, અમે પરદેશ પંખી તમે ચીંતમાં ફરો. ૨૭૦
તારે રાજા કહે પંખી તમે એમ કરો, આજ રાત તમે બાગમાં પરવરો. ૨૭૧
અમે પ્રભાતે આવશું તમારે પાસ, ત્રીજો મુખી તેડાવશું અમારો દાસ. ૨૭૨
તારે રાજાયે તેડાવ્યો ત્રીજી વાર, મુખી કેશવ આવ્યો છે તતકાર. ૨૭૩
તારે રાજા પ્રધાન બાગમાં ગયા, તારે કેશવ મુખી સભામાં આવ્યા. ૨૭૪
આવી બેઠા રાજા પેલાજની પાસ, તારે પ્રધાને કહી મુખીશુ વાત. ૨૭૫
રાજા કહે હંસ હંસલી મુકી જાય, ઈ પંખીના ન્યાય તમે ચુકાય. ૨૭૬
જેવી તમને ખબરજ હોય, તેવી સાખ સભામાં પુરો સોય ૨૭૭
તારે મુખી કેશવ કહે અમે પુછીયે જમાત, પછે તમ આગળ કરશું વાત. ૨૭૮
તારે રાજા પધારયા પોતાને દુવાર, પંખી બેઠાં આપણે ઠાર. ૨૭૯
તારે મુખી કેશવ આવ્યા છે ધરમ દુવાર, ત્યાં સરવે ગત મલી તતકાળ. ૨૮૦
રાજા બોલ્યા એવી વાણુજ કરી, જે હંસ પાસે હંસલી લયો હરી. ૨૮૧
તારે કેશવ કહે આપણે વસીયે સાયર નીર, બોલીયે બેચાર શુધીર. ૨૮૨

સાખ પુરી પાળવા તમને પુછું રખીસરો સાર, સાચી સાખે ઉતરશું પેલે પાર. ૨૮૩

## વધામણી.

તારે સરવે રખીસર બોલીયાં, મુખી નહી આવીયે તમારે સાથ,
પરદેશી પંખીની સાખ કુડી ન ભરીયે, વળી નહી રહીયે રાજાને દેશ. ૨૮૪
આપણને આપણો ગુર છોડાવશે, રાજા વસે આપણે દુવાર,
તમને જો મુખીપણું જોઇયે, તો પરદેશી પંખી મરાવો નીરધાર. ૨૮૫

મુખી કહે અમારી લાજ જાશે સહિ, પણ અન્યાયની વાત કરશું નહિ. ૨૮૬
પંખીઓના બંધ છોડાવશું હાથ, પછી રાજાનો મેલશું સાથ. ૨૮૭
તારે કેશવ મુખી પુછી પોતાની જમાત, હવે હંસ હસલીની સાચી કરવી
વાત. ૨૮૮
તારે સરવે રખીસર બોલ્યા એમ, એ રાજા અન્યાયની વાત થાશે કેમ. ૨૮૯
મુખી રાજાનો છે મોટો દેવ, પરદેશી પંખી મરશે તતખેવ, ૨૯૦
એ મુખી હત્યા આપણે શીર પડે, આપણે સાચુ બોલીએ રાજા રૂઠો શું કરે. ૨૯૧
વળી પંખી આવ્યા રાજાને પાસ, તે તો બહુ કરે અરદાસ. ૨૯૨
તારે રાજા કહે તમે કાંય કરો છો વાર, જેવું હોય તેવું સભામાં કહો તત્કાળ. ૨૯૩
તારે મુખી કહે હે રાજા તમે પારકી લેવો છો લાજ, પણ અમને જુઠું
બોલવું નથી કાજ. ૨૯૪
હંસ હસલીને નથી આણ, મુખી કેશવ બોલ્યા સભામાં પ્રમાણ. ૨૯૫
તારે હંસ હસલી ઉઠયાં નીરવાણ, તેણે રાજાની રજા લીધી જાણ. ૨૯૬
એ મુખી તમને હોય શાબાશ, સહી હોશે તમને સરગાપુરી વાસ. ૨૯૭
તારે મુખી કેશવ બોલ્યા ભગતી વેશ, હંસ હસલી ચાલ્યાં આપણે દેશ. ૨૯૮
કપુરપુરિ છે હંસલીનુ નામ, માણેકચંદ છે હંસનું નામ. ૨૯૯
તારે હંસ હસલી બોલ્યાં આશીશ કરિ, એ કેશવ મુખી તમને રક્ષા નરસંગ તણી. ૩૦૦
એ રાજા તમને પુછવું હોય તે કરજો સંભાર, હંસ હસલી બોલ્યાં રાજદુવાર. ૩૦૧
એ રાજા તમારી સભા છે કેશવ જાણ, સરગભવનથી ઉતરશે વેમાન. ૩૦૨
એ રાજા અમે રહયાં તમારેજ ગામ, ખીરસાગર છે રાજા પેલાજનું ઠામ. ૩૦૩
તારે રાજા આલે અથ ભંડાર, પણ હંસ હસલી ન રહયાં એક ભમાર. ૩૦૪
ત્રણ દહાડે રાજા કરજો સંભાર, પંખી ઉડતાં કરે પુકાર. ૩૦૫

## વરાણી.

હંસ હંસલીનો ન્યાય ચુકાવ્યો, તે તો ઉડી ગયાં આકાશ,
કેશવ મુખી સત બોલ્યા, તે રાજા પેલાજને પાસ. ૩૦૬

તારે હંસ હસલીનો ન્યાય ચુકાવ્યો કેશવ જાણ, પંખી ઉડતાં કરે વખાણ. ૩૦૭
તારે પંખી ઉડી ગયાં આકાશ. હવે કેશવના શીયા હવાલજ થાય. ૩૦૮
રાજા કહે પાસે આવો તમે મુખી, સાચું બોલો નહીંતો થાશો દુઃખી. ૩૦૯
કેશવ મુખીને તેડાવ્યા તે વાર, તે રાજાને દુવારે આવ્યા તતકાળ. ૩૧૦
આવો મુખી તમે કરજો સાચી વાત, નહિંતો તમારો વણશશે સઘળો સાથ. ૩૧૧
મુખીને તેડી લાવ્યા રાજાને દુવાર, તારે રાજા પેલાજ બોલ્યા પોકાર. ૩૧૨
એ હંસ હંસલીનો તમે ચુકાવ્યો ન્યાય. તે તો પંખી મુખી ઉડી ગયાં. ૩૧૩
ત્યારે કેશવ મુખી બોલ્યા રાજાને પાસ, રાજા અમે કહ્યું તે સરવે સાચ. ૩૧૪
તારે રાજા કરી રીસ અપાર, મુખીને ઝાલી મંગાવ્યા તતકાળ. ૩૧૫
તારે મારતા મારતા ચાલ્યા ચોક બજાર, ત્યાં લોક કથણી કરે અપાર. ૩૧૬
રાજાની સભામાં લાવ્યા આહે, મુખી કેશવ રહયો માર જ ખાય. ૩૧૭
તારે ગામ ફેરવી લાવ્યા રાજદુવાર, લાવી ઉભો કર્યો તેણીવાર. ૩૧૮
તારે રાજા કહે લઇ જાવ શામદાસને હાટ, અમે પણ આવશું તેને હાટ. ૩૧૯
તારે કેશવને તેડી લઇ ગયા શામદાસને હાટ, રાજા આવી બેઠા શામદાસની પાસ. ૩૨૦
તારે રાજા બોલ્યા શેઠની જોડ, એ શેઠ બે માંહે સાચું કોણ. ૩૨૧
તારે શેઠ શામદાશ બોલ્યા ત્યાંય, રાજા જુઠા ને તે સાચો કેમ કેવાય. ૩૨૨
તારે રાજા પુછે કેશવને વાત. એ મુખી કોણ જુઠો ને કોણ સાચ. ૩૨૩
એ રાજા તમે જુઠું બોલ્યા સહી, હંસ હસલીની વાત અમે સાચી કહી. ૩૨૪
રાજાએ કેશવની પાડી પાગડી દીધી લાજ,સામદાસની પેઠીની નવ રાખી લાજ. ૩૨૫
તારે શેઠ શામદાસ મુખી કેશવને કહે, રાજા વચન ઉથાપ્યાં તો એવાં દુખ સહે. ૩૨૬
ભરી સભામાં રાજાનું માન ન રાખ્યું મુખી, રાજાના વચન ઉથાપ્યાં તો થાવ છો દુખી. ૩૨૭
કેશવ મુખી બોલ્યા શામદાશશું જાણ, તમે કાંય જાવ છો નરગની ખાણ. ૩૨૮
તારે રાજા પેલાજ ઉઠીને ગયા, કેશવને ઘરે માણસ મોકલ્યાં ૩૨૯-

કેશવની ઘરવાળી કાનબાઇ નામ, તેને તો કરી બંધીવાન. ૩૩૦
બાઇ કાનબાઈની વવરૂ છે સાત, ગુર કહે સાંભળો તેની વાત. ૩૩૧
એક વહુનું નામ સીતાબાઇ આય, તે આપણા પુરખને કહે સમજાય. ૩૩૨
સાંભળો કંથ અમારી વાત, આપણે રહિયે મારા પીયરને સાથ. ૩૩૩
મારા પીતા ઉપર છે રાજાનો પ્યાર, ત્યાં જઈયે તો સુખે બેસીયે સાર. ૩૩૪
તારે પુરખ બોલ્યો તેણીવાર, નરગે પડો તો જાવ પીતાને દુવાર. ૩૩૫
તારે સીતાબાઇ નાસી ગઇ બાપને દુવાર, બીજા સરવેને ઝાલી લીધાં તેણીવાર. ૩૩૬
એક રંગબાઈ બીજી રૂપબાઇ જાંણુ, ત્રીજી સોમવંતી ચોથી સુંદરી જાંણુ. ૩૩૭
લક્ષ્મીબાઇની લજા છે ઘણી, ઈજ્જત નવ રાખી તેજ તણિ. ૩૩૮
તારે રાજા પાસે માંગે કેશવ મુખી, એ રાજા અમને મા કરો દુખી. ૩૩૯
તમારે મારવું હોય તો મારો ઠામ, નહીકાં જાઇએ બીજે ગામ. ૩૪૦
તારે લાલબાઈ વવરૂ પોકારે ઘણું, શાબ્દ સાંભળો રાજા અમતણુ. ૩૪૧
કેશવની જમાત સરવે જાંણુ, રાજા તેને કર્યાં બંધીવાન. ૩૪૨
તારે કેશવના પુત્ર છે સાત, તેના ચામડે મઢાવ્યા હાથ. ૩૪૩
તારે રાજાને આવ્યો ફીરસ્તો એક, એ રાજા તમે મા જાવ છેક. ૩૪૪
તમારો કેશવ મુખી છે સાચ, જમાત સરવેને છે ગુરનરની વાચ. ૩૪૫
તારે રાજા કહે તમે મુખી છો જાણ, હઠ મેલીને બોલો પરમાણ. ૩૪૬
તમારી જમાત તમે સરવે સંભાળ, પુત્ર વવારૂ ઘરની નાર. ૩૪૭
હાંરે રાજા તમે છો ધરણીના ધણિ, અમે સેવા કરીએ શ્રી નરસંગ તણી. ૩૪૮
હાંરે રાજા તમારે કરવું હોય તે કરજો કંથી, અમારે તો જુઠું બોલવું નથી. ૩૪૯
તમે હંસ હંસલીને દીધી રજા, તે સાચી કે જુઠી કજા. ૩૫૦
તારે કેશવ મુખી કહે અમે બોલ્યા સહી, હંસ હંસલીની વાત અમે સાચી
કહી. ૩૫૧
એ રાજા એ વાત સાચી હતી, તમે સભામાં કુડી કંથણી કથી. ૩૫૨
તારે રાજાએ મનમાં વિચારી વાત, અમારી ભકતી કેશવ કરશે હાથ. ૩૫૩
તારે રાજાએ તેડાવ્યો એનો પરીવાર, તમારા બાપ કેશવ સારૂ કાં ખાવ છો
માર ૩૫૪
તમારા બાપના બોલ મેલી દયો, કેશવનું મુખીપણું તમે લ્યો. ૩૫૫
તારે કુંવર એક હતો કલ્યાણ, રાજા અમારો પીતા મુખી સહી જાણ. ૩૫૬

બીજા ભાઇને બોલાવ્યા, તે તો રાજા પાસે આવ્યા. ૩૫૭
તારે રાજા કહે સાંભલો ભાઇ, બાપનું મુખીપણું લ્યો તમે જાઇ. ૩૫૮
એની તો સરવે ગઇ છે બુધ, કેશવને બોમવાની ન રહી છે શુધ. ૩૫૯
તારે બોલ્યો કુંવર બીજો ભાણ, અમારો પીતા કેશવ સહી છે જાણ. ૩૬૦
તારે ત્રીજા કુંવરનું નામ તુલશ્યો જાણ, તેને રાજાએ તેડાવ્યો પોતાને દુવાર. ૩૬૧
તમે વચન અમારૂં માનો રાસ, તો તમે સુખે વસો આપણે વાસ. ૩૬૨
તારે રાજા કહે તમે માનો હમારી વાત, મુખીપણું તમે રાખો આપણે હાથ. ૩૬૩
કેશવને તમે મેલી દ્યો નીરાશ, મુખીપણું તમે રાખો તમારા પાસ. ૩૬૪
સરવે જમાત તમને કરે સલામ, ભગતી કરો શ્રી નરસંગનું નામ. ૩૬૫
તારે ત્રીજો કુંવર બોલ્યો એમ, જે કેશવ મુખી તમે નાખી દીધા છો કેમ. ૩૬૬
તારે રાજા કહે હંશ હસલીને રજા કેમ થાય, હવે કેશવ મુખી રહ્યા મારજ ખાય. ૩૬૭
તારે કુંવર તુળશ્યો કહે રાજા તમે કુડી કથી, પંખીની વાત કેને ખબરજ નથી. ૩૬૮
ઇ સાખ તમે ખોટી રાખી જાણ, તે કેશવ મુખી બોલ્યા સાચ્ય પ્રમાણ. ૩૬૯
એવો તે તુળશ્યો બોલ્યો રાજાને પાસ, કેશવ મુખી બોલ્યા તે સરવે સાચ. ૩૭૦
તારે રાજાયે ચોથા કુંવર જોગ, તેનું નામ તો ચતુરભોજ. ૩૭૧
ચતુરભોજ આવ્યા રાજાને પાસ, કુંવર આવીને કરી અરદાસ. ૩૭૨
તારે રાજા બોલ્યો પેલાજ, ચતુરભોજ સારૂ તમારા કાજ. ૩૭૩
તમારી જમાતનું તમે સીરભાર, તમને મોટપ આલુ વરણ અઢાર. ૩૭૪
ઇ સરવેની સરદારી તમે ધરો, કેશવનો પાગડો તમે સીર વરો. ૩૭૫
તારે ચતુરભોજ કહે છે વાંણ, અમારો કેશવ છે સરદાર શુંજાણ. ૩૭૬
ઇ રાજા જુઠું બોલે ને ઘાલે આળ, તે ઉપર શ્રી નરસંગ ન થાય દયાળ. ૩૭૭
તારે પાંચમો કુંવર પીતાંબર સાર, તેને રાજાએ તેડાવ્યો તતકાળ. ૩૭૮
આવો પીતાંબર તમે કરો સંભાળ, એ સરવેનાં તમે ટાળો જંજાળ. ૩૭૯
તમે ઉઠી કરો અમારૂં કામ, હેતેશું જંપો શ્રી નરસંગનું નામ. ૩૮૦
તારે પીતાંબર એમ બોલ્યા સાર, એ રાજાજી ઇ કામ કરતાં શી છે વાર. ૩૮૧
તમે રાજા અમે તમારા પ્રધાન, કેશવ મુખીને તમે આલો માન. ૩૮૨
તારે રાજાએ તેને શીખ દીધી પ્રમાણ, છઠા કુંવરને તેડયો જાણ. ૩૮૩
તારે છઠા કુંવરને શમસેર હાથ, તેને રાજાએ તેડાવ્યો પોતાને પાસ. ૩૮૪

તારે રાજાએ કર્યું રાક્ષસનું રૂપ, સભામાં વળી બોલ્યા ભુપ. ૩૮૫
તમે છો કુંવર વડા શાસ્ત્રી, અમારી વાત તમે માનો ખરી. ૩૮૬
હવે અમે કેશવને મરાવશું સહી, હવે તમે મુખીપણુ કમાવો જઈ. ૩૮૭
એ રાજા તમે છેતરવાનું કરો છો કામ, અમારા બાપનું શીદને લ્યો છો નામ. ૩૮૮
તારે રાજાએ તેને ઝાલી લીધો સહી, તારે તેડાવ્યો તેનો સાતમો ભાઈ. ૩૮૯
તે ત્યાં બોલ્યા ભગતી વેશ, એ રાજા તમે રાખશો તમારો દેશ. ૩૯૦
એ રાજા અમે ન રહીયે તમારે વાસ, અમે છઈયે શ્રી નરસંગના દાસ. ૩૯૧
તારે રાજાને વારે સઘળા ભુપ, એને મેલી દયો એ છે મોટો દુત. ૩૯૨
તારે રાજા પેસાજે દીધી છે આણુ, જો નાઠા છો તો તમને છે આણુ. ૩૯૩
તારે કેશવ મુખી કરે શોર, રાજા કહે છે જે નાસે તે મારો ચોર. ૩૯૪
અમે તો જઈ વસશું અમારે વાસ, અમે છઈયે શ્રી નરસંગના દાસ. ૩૯૫
તારે રાજા હુલ્યા મનમાં અપાર, એવા રખીસર સાડી ઉતરશે પાર. ૩૯૬
છમછર થયાં છે પુરાને સોમવાર, તારે હંસ આવ્યો છે તતકાળ. ૩૯૭
તારે રાજા સુતો હતો મંદીરે એકાંત, ત્યાં હંસ આવ્યો છે મધરાત. ૩૯૮
એ રાજા તમે કરજો અસ્વારી તઇયાર, વેમાન ઉતરશે શુકરવાર. ૩૯૯
મુખી કેશવને કેજો જુહાર, ઉતારા દેજો ગામથી બાહાર. ૪૦૦
એમ કરતાં થયું પ્રભાત સાર, કેશવને કહયાં તમે નીકળો ગામથી બાહાર. ૪૦૧
જો ગામ મધે રેશો તો ગુરની છે આંણ, એવાં વચન રાજાયે કહાવ્યાં જાણ. ૪૦૨
તારે કેશવ મુખી થયા રળીયાત, હવે થાશે વઇકુંઠ વાસ. ૪૦૩
તારે કેશવ મુખીનો પરીવાર, તેનાં બાલક છે અપાર. ૪૦૪
તે સરવેને લઈ નીસર્યો બહાર, પછી અસ્વારી કરી તઇયાર. ૪૦૫
તારે કેશવની સરવે જમાત, તે ઉચાળા ભરી ગયા સઉ સાથ. ૪૦૬
તારે રાજા પુછે પ્રધાનને વીચાર, ગામ સરવે શું થયું મીંદર દુવાર. ૪૦૭
હવે તેની શું કરશું પેર, સઉને તેડી લાવીયે આપણે ઘેર. ૪૦૮
તારે રાજાએ કહી મોકલ્યા તતકાળ, આઘા મ જાવ રાજા આવે છે બાર. ૪૦૯
તારે સાહુ વીમાસી રહયા ત્યાં રાત, ત્યાં રાજા આવ્યા પ્રભાત. ૪૧૦
ત્યાં રાજા વનમાં રહયા એક રાત, કેસવ મુખીના તેડાવ્યા કુંવર સાત. ૪૧૧
એ કુંવર તમે ઘણા છો અચેત, તમને મરાવીશ ન મેલું એક. ૪૧૨
એ રાજા તમે છો ધરણીના ધણી, અમારી વારે છે શ્રી નરસંગ ધણી. ૪૧૩

રાજા કહે રઇયત અમારી સરવે જાય, હવે તેનો શો કરવો ઉપાય. ૪૧૪
તારે રાજા પેલાજે બહુ કરી છે રીશ, સરવેનાં હું કાપી લઇશ શીશ. ૪૧૫
તારે લોક રઇયત કરે રૂદન, કોઇ કહી ન શકે રાજાને વચન. ૪૧૬
પ્રધાન બોલ્યા કરી પ્રકાશ, એને લઇ કરાવો ઇયાંજ વાસ. ૪૧૭
તારે રાજાએ દુવાઇ ફેરવી વન માંહે, ઇયાંથી આઘા રખે કોઇ જાય. ૪૧૮
તારે રાજા આવ્યા પોતાને દ્વાર, વરસ્યો મેઘ ત્યાં શુકરવાર. ૪૧૯
વરસ્યા ત્યાં સરવે હીરા મોતી લાલ, રાજા પેલાજ ત્યાં થયા તઇયાર. ૪૨૦
તારે લોક સરવે બારણાં વાળે આપણે ઠાર, રાજા પેલાજ ગયા વન મીંજાર. ૪૨૧
રાજા જઇ બેઠા મુખી કેશવને પાસ, ત્યાં આવી સહુ કરે અરદાસ. ૪૨૨
તારે રાજા કહે મુખી કેશવ થાઓ તઇયાર, વેમાન ઉતરશે વન મીંજાર. ૪૨૩
તારે કેશવની જમાત સરવે સાથ, તે આવી રાજા પેલાજને પાસ. ૪૨૪
તારે સરગ ભમણથી ઉતર્યાં વેમાન, કેશવ મુખીને રાજાએ ઘણું આલ્યું માન. ૪૨૫
તારે ચોથા કલપની ઘડીયું ચાર, તેતાલીશ લાખ ને વીશ હજાર. ૪૨૬
તેમાંથી સતર લાખ ને વીશ હજાર, સત જુગ કરતાનું પ્રમાણ સાર. ૪૨૭
તેમાં રાજા પેલાજે બઉ કસણી કરી, તો મળ્યા શ્રી નરસંગ રૂપે હરી. ૪૨૮
હરીના ચેલીત્રનો અંત ન પાર, કરતા જુગે સાંમીના અવતાર ચાર. ૪૨૯
શ્રી મછ કછ વારા અવતાર, નરસંગ જંપ્યો રાજા પેલાજ સાર. ૪૩૦
તારે સતીયે રાખ્યું નરસંગનું ધ્યાન, તે સતી ભગત ચડયા વેમાન. ૪૩૧
વેમાને બેસી વઇકુંઠ જાય, લોક જુવે છે તેના પાય. ૪૩૨
તારે રાજા તે કેશવ સાથે ગયા, ત્યાં અતી ઘણા મેઘ વરસ્યા. ૪૩૩
વરસ્યા સાપ વીછું અપાર, ત્યાં નહિ રહે મેહ વરસતો લગાર ૪૩૪
આપણે સાચા ને દુબ્યા ને સંતાપ્યો ઘણો, હવે દુખ પામીયે તેજ તણો. ૪૩૫
પરનીંદા જુઠ કરોધ જે કરે, તેની પુર્યું નરગે સંચરે. ૪૩૬
તારે ગુર સમશ બોલ્યા એવી વાંણ, દુર રહેજો તમે નરગની ખાંણ. ૪૩૭
રાજા પેલાજ પોતા વઇકુંઠ વાસ, સાચા પોતા પેલાજને પાસ. ૪૩૮
શ્રી નરસંગની ભકિત પુરી કરિ, તે વસમી વાર ગયા ઉતરી. ૪૩૯
ભગતી રૂપે શ્રી નરસંગનું નામ, તેનું ઘણું રાખજો માન. ૪૪૦
દેવ રીખીસર ગુર જ્ઞાની જાણ, વેદમાં લખ્યા છે પ્રમાણ. ૪૪૧
જે ભગત લેવે શ્રી નરસંગનું નામ, તેને દેવ રીખીસર સરવે કરે સલામ. ૪૪૨

હરી નામે ઉતરીઆ પેલે પાર, જેમ પાંચે કરોડસું પોતા પેલાજ સાર. ૪૪૩
પાંચ કરોડ તે સરગે ગયા, એક સીતાબાઇ અલગાં રહયાં. ૪૪૪
તે તો ગઈ નરગની ખાણુ, માટે કેની નીંદા ન કરજો નીરવાણુ. ૪૪૫
ત્યાં સાપ વીંછુ વરસ્યા જાણુ, તે સઉના સોસી લીધા પ્રાણુ. ૪૪૬
તે સીતાબાઈ ગઈ નરગ વાસ, તેને પુરખ આલ્યા પચાસ. ૪૪૭
તે બાઇ ગઇ જમપુરી મીંજાર, તે માથે પુરખ રાખ્યા પચાસ. ૪૪૮
તે એને એક ઘરમાં રાખી નાર, તેને પુરખ દેવે અતી માર. ૪૪૯
એક પુરખ આવિ મારે ઘણુ, જેમ દેહિનું વરણુ ફરે નારી તણુ. ૪૫૦
બીજો પુરખ વઢવાડજ કરે, તેનો સેસો બાઈને ન ટળે. ૪૫૧
તારે ત્રીજો પુરખ ઉંચો બાંધિ ધરે, ત્યાં તો બાઇ જોર કેવું કરે. ૪૫૨
તારે ચોથો પુરખ અગન હેઠે ભરે, તેને તાપે તો બાઈ સીતા બળે. ૪૫૩
પાંચમો પુરખ લાકડા ભરે, ત્યાં અગનની જાળ ઉંચે ચડે. ૪૫૪
છઠો પુરખ આવી મારે છાના ઘાય, હવે સીતાબાઈ ભલે બાપ પાસે જાય. ૪૫૫
તેના ડીલનુ ચામડુ ઉતરી જાય, ત્યાં તો અગની જાલ ઉઠાય. ૪૫૬
સાતમો પુરખ કરે સુરિનો સાજ, ભાઈ પરનીંદાથી ઉપના એવા કાજ. ૪૫૭
નીંદાથી તમે વેગલા રહેજો આપ, તમે જપજો શ્રી નરસંગનું જાપ. ૪૫૮
શ્રી હરી જપતા પાતક જાય, પારકી વાતે પ્રાછત થાય. ૪૫૯
આઠમો પુરખ કરે ઉપઘાત, નારી કયાં જાય કરે દુઃખની વાત. ૪૬૦
નવમો પુરખ નીશદીન વેદ દાગ, તે લોઢાની હાથે રાખે સાખ. ૪૬૧
તારે દશમો પુરખ સાપ વીછું ઘરમાં ભરે, ત્યાં સીતાબાઈ શું કરે. ૪૬૨
એવિ રીતે પુરખ મલ્યા પચાશ, હવે નારી કયે ઘર જઈ કરશે વાત. ૪૬૩
બાઈને ઘણા સુખ હતા સાસરાને વાસ, તે મેલીને ગઇ પીયરને પાસ. ૪૬૪
સંસાર સુખ છે એક ઘડી, સદા સુખ છે સરગાપુરી. ૪૬૫
તારે પંનર માણસ કેશવ મુખી સાથ, તેને હરીયે દીધો વઇકુંઠ વાસ. ૪૬૬
કેશવ મુખી ગયા સરગાપુરી, તેમાં એક વવર સંસાર સુખ પરવરી. ૪૬૭
તારે પાંચ કરોડશું પુરા પુર થયા, તેમાં એક નારી નરગે ગયા. ૪૬૮
ગુર કહે સાંભળો મુનીવર જાણુ, મુળબંધનું એ છેલું એધાણુ. ૪૬૯
જાહલાં કલપની છતજ કરી, પાંચ કરોડ જંખ માંહે ભળી. ૪૭૦
તારે નવાણું કરોડ રખીસર રાય, તેમાં એક નારી નરગે જાય. ૪૭૧

એતો ભાઇ ચીતમાં ધરી, જેમ ફેરો નહી આવે ફરી. ૪૭૨
પેલાજ રાજા ભગતિ લીધી હાથ, તે જઈ પોતા સરગાપુરી સાથ. ૪૭૩
જેણે સાંભળી મુળબંધની સાખ, તે પોતા સરગાપુરી સાથ. ૪૭૪
હરીના ચરણ સીરેવો જાઇ, ગુર કહે તે સહી વઇકુંઠ પાઇ. ૪૭૫
હંસલી તે હંસની વવર જાણ, ભગતી રૂપ તમે દેખ પરમાણ. ૪૭૬
મુળબંધની છે સાચી સાખ, એવી ગુર બોલ્યા છે વાચ. ૪૭૭
જ્યારે હતી કલપની વાર, તારે જંખ મેગ કીનર પોતા પાર. ૪૭૮
હવે કલપની ઘડયું રહયું છે ચાર, તેમાં સતી થયા છે પેલાજ સાર. ૪૭૯
રાજા પેલાજે નરસંગની ભકિત કરી, મુખ થકી ન વીસાર્યા હરી. ૪૮૦
તમે સાંભલો રખીસર સાચી વાંણ, ભગત સાચા છે હરીના પ્રાણ. ૪૮૧
જેના ઘટમાં છે દેવ નારાણ, તેને સઉ ઉઠી કરે સલામ. ૪૮૨
રાજા પેલાજની માતાના બંધ છુટા જ્યાં, બહુ કસ્ટ કીધા છે ત્યાં. ૪૮૩
તેની આપે હરીયે કીધી છે વાર, તે પેલાજ ઉતરા ભવ જલ પાર. ૪૮૪
તારે પેલાજને ઘણી પડી છે કસ, તારે આપે હરી રહયા તેને પાસ. ૪૮૫
હરીને ત્યાં આકુળ વ્યાકુળ થાય, તારે રાજા પેલાજ પાસે ઉભા જાય. ૪૮૬
મુળબંધમાં લખી છે વાત, તેની પરતક્ષ છે અખર ધાત. ૪૮૭
સુન કાળમાં સ્વામી હતા આપે એક, તારે ગુરકું પાસે રાખ્યા વીશેખ. ૪૮૮
તારે ગુર કહે આપણે રહયા શુનકાળ, બીજી રચના કાંઇ નહોતી જાળ. ૪૮૯
તારે નરનંદ ગોવીંદ બોલ્યા વાંણ, તારે સોળ થડ કર્યા પ્રમાણ. ૪૯૦
તારે ગુર કેવળાશી બોલ્યા ત્યાં, અમને દેખાડો સ્વામી થડ છે કયાં. ૪૯૧
તારે નરસંગ ચાલ્યા કેવળાશ, સોળ થડ આંણી રાખ્યાં ગુરને પાસ. ૪૯૨
તારે ગુર કેવડાશી દિઠો છે ખેલ, ત્યાં આલ્યો છે સઉને કોલ. ૪૯૩
તારે સહુને આલ્યા છે કોલ, તારે દેવ આવ્યા છે છેલે મોલ. ૪૯૪
એજ નીસાની મુળબંધ માંહે, એક અક્ષર લખ્યો છે આહે. ૪૯૫
સ્વામીની રચનાનો અંત નહી પાર, તમે ભગતી કરો તો ઉતરો પાર. ૪૯૬
સઉ કોઇ હરી નાંમે ઓધરે, ગુર મુખે ગીનાન સઉ ઓચરે. ૪૯૭
જે સાંભળે નર ને નાર, તે ઉતરે ભવ જલ પાર. ૪૯૮
જે નર નારી રહેવે એક ધ્યાન, તે ગુર આગલ પામશે માન. ૪૯૯
જે ગુરનો વાક્ સાંભલે એક ધ્યાન, તેને હરેક હરેક કરોડ જગન. ૫૦૨

જે ગીનાન હરફે હરફે કરે વખાણ, તેને ફેરા ન પડે ચારે ખાંણ. ૫૦૧
જે સાંભલી ગીનાન ગુર મુખે દેવે દાન, તેને સહી ઉતરે વેમાન. ૫૦૨
વેમાન બેસી જાય વઈકુંઠ વાસ, ગુર કહે છે તે અમારો દાસ. ૫૦૩

### વરાણી.

તારે ગુર સમશ ભાંખીયાં, વીમરસ બોલ્યા વાણ,
ગુર કહે સાંભળો મુનીવરો, મુળબંધનું છેલું એંધાણ. ૫૦૪

સમાપ્ત